કપુરાઈમાં ટ્રકમાંથી 500 પેટી દારૂ ઝડપાયો, હરિયાણાનો ક્લીનર ઝડપાયો, મુખ્ય આરોપીઓ ફરાર

શહેરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના ઉપરાછાપરી દરોડા, ₹1 કરોડથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

ક્રાઇમ રિપોર્ટર | વડોદરા

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગઈ કાલે વડોદરા શહેરમાં અલગ-અલગ બે સ્થળોએ સપાટો બોલાવીને વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. એસ.એમ.સી.ના આ દરોડાથી સ્થાનિક બુટલેગરોના નેટવર્કમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ બંને દરોડામાં ટ્રક, દારૂ, વાહનો અને રોકડ મળીને કુલ 1 કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ગઈ કાલે સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એન. જાડેજા અને તેમની ટીમે વડોદરાના કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી. ટીમની નજર હેઠળ કપુરાઈ નજીક આવેલી મહાદેવ હોટલ પાસે એક શંકાસ્પદ ટ્રક પર દરોડો પાડવામાં આવ્યો હતો. ટ્રકની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની 500 પેટીઓ મળી આવી હતી, જેમાં કુલ 22,116 બોટલ મળી 78 લાખની કિંમતનો વિદેશી દારૂ અને ટ્રક સહિત કુલ 93 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઘટનાસ્થળેથી પોલીસ દ્વારા હરિયાણાના રહેવાસી ક્લીનર દમન સુરેશકુમાર શર્માને ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે દારૂ ભરીને લાવનાર હરિયાણાનો ટ્રક ડ્રાઈવર ખીલુ સૈની અને દિલ્હીના નઝફગઢથી દારૂનો જથ્થો મોકલનાર ને ફરાર જાહેર કરવામાં આવ્યા હતા.. આ મામલે કપુરાઈ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરાઈ છે.

એસ.એમ.સીની ટીમે બીજો દરોડો ગઈ કાલે સાંજે પાડ્યો હતો. ટીમને બાતમી મળી હતી કે વાઘોડિયા રોડ પર બાપોદ જકાતનાકા સામે આવેલ હીરાબાનગરમાં યોગેશ વિષ્ણુભાઈ ચાવડા પોતાના મકાનમાં દારૂનો સંગ્રહ કરીને છૂટક વેચાણ કરે છે.પોલીસે હીરાબાનગર ખાતે આવેલા યોગેશ ચાવડાના બે અલગ-અલગ રહેણાંક મકાનો પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી તેમજ ઘર આંગણે પાર્ક કરેલા બે સ્કૂટરની ડેકીઓમાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂ અને બિયર મળી આવ્યા હતા.કુલ 1,601 નંગ વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન કિંમત 5.75 લાખ મળી વાહનો અને મોબાઈલ સાથે કુલ 6.90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

દરોડામાં ઝડપાયેલા આરોપીઓની વિગત

- યોગેશ વિષ્ણુભાઈ ડાહ્યાભાઈ ચાવડા, વાઘોડિયા રોડ
- વિજયસિંહ ગણપતસિંહ બચુસિંહ વાઘેલા, રહે. પાદરા
- અજય ઉર્ફે સન્ની કાલકાપ્રસાદ કહાર, રહે. પાણીગેટ

ફરાર આરોપી

- નીલેશ ઉર્ફે નીલુ સિંધી હરેશભાઈ નાથાણી
- નરીઓ દાવર
- મહેશ અને દારૂ સપ્લાય કરનાર ને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.

કેમિકલ કલરની ભેળસેળ કરનારા બે વેપારીઓ સામે કાર્યવાહી

ઉનાવા અને ઊંઝામાં વરિયાળીનો ભેળસેળયુક્ત 26 ટન જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગુજરાતમાં ભેળસેળિયા તત્વો સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી રહી છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. 19.6 લાખની કિંમતનો 26 ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત કરનારાઓ સામે કડક પગલાં લેવાશે.

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ફ્લાઈંગ સ્કોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં મે. ભાર્ગવ પ્રવીણ પટેલનું ગોડાઉન અને મે. પટેલ રાકેશ તલસીની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા ઝડપાઈ ગયા હતા. આ બંને આસામીઓ પાસે ખાણી-પીણીની વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી એવું ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું

પ્રાથમિક તપાસ મુજબ, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલર ભેળવવામાં આવતો હતો.

ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા વરિયાળીના ત્રણ કાયદેસરના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલાયા છે અને સ્થળ પરથી 26 ટન લુઝ જથ્થો સીઝ કરાયો છે. આગામી દિવસોમાં પણ મિલાવટખોરો સામે આ ચેકિંગ ઝુંબેશ વધુ તેજ અને કડક બનાવવામાં આવશે.

બ્યૂરો ખાતે એડવાઈઝરની નિમણુંકની જાહેરાત

લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજ્ય, અમદાવાદની વડી કચેરી ખાતે નીચે જણાવેલ વિગતે ૧૧ માસના કરારના ધોરણે એડવાઈઝરની ખાલી જગ્યાઓ ભરવા સારૂ અરજીઓ આવકાર્ય છે.

અ.નં.	જગ્યાનું નામ	સંખ્યા	માસિક વેતન
૧	ફાયનાન્શીયલ ટાસ્ક ફોર્સ ફાયનાન્સ/ટેક્ષેશન એડવાઈઝર	૦૨	રૂ.૫૦,૦૦૦/-

૨. નિયત નમૂનામાં ઉમેદવારી પત્રકો નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની કચેરી, બંગલા.નં. ૧૭, ડફનાળા, શાહીબાગ, અમદાવાદને **તા.૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં** મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. **મુદતની તારીખ વિત્યે આવેલ અરજીઓ "રદ" થવા પાત્ર રહેશે.**

૩. આ બાબતે વધુ માહિતી www.acb.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

સંપર્ક: ટેલીફોન નંબર ૦૭૯-૨૨૮૬ ૯૨૨૮, ૨૮૮૬ ૦૩૩૩, ૨૨૮૬ ૦૩૪૧

પીયૂષ પટેલ
નિયામક
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો
ગુજરાત રાજ્ય, અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/ ૫૦૧/૨૦૨૬

કેનેરા બેંક Canara Bank — કેનેરા બેંક, ન્યુઝ ઑફિસ ... [illegible]

ગુજરાત રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને મહારાષ્ટ્રમાં સ્થિત વેરિન્ટ પ્રક્રિયા દ્વારા ટેમ રોડ પ્રોજેક્ટ (નિર્માણ પ્રમતિમાં) ના કન્સેશનરના સ્થાનાંતરણ માટે બિડનું આમંત્રણ.

[illegible]

વિગતો	વિગતો
31 મે, 2026 ના રોજ મુખ્ય બાકી રકમ	રૂ. 346.49 કરોડ
સંભવિત બિડર્સ દ્વારા ઈઓઆઈ દસ્તાવેજો સુપ્રત કરવાની છેલ્લી તારીખ	16 જુલાઈ, 2026
વીડીઆર અને નિયત ડિલિજન્સ મેળવવા માટેની છેલ્લી તારીખ	30 જુલાઈ, 2026
ઈ-હરાજીની તારીખ	31 જુલાઈ, 2026
રીઝર્વ બિડ રકમ	રૂ. 262.00 કરોડ (તમામ રોકડ ધોરણે)
માર્ક અપ (રૂ રીઝર્વ બિડના 5%)	રૂ. 13.10 કરોડ
બિડિંગ શરૂઆતની કિંમત	રૂ. 275.10 કરોડ (તમામ રોકડ ધોરણે)
બિડ વધારો રકમ (બિડ મલ્ટિ-પ્લાયર)	રૂ. 2.00 કરોડ ઓછામાં ઓછા અને તેના ગુણાંકમાં

[illegible]

BOBCAPS — બીઓબી કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, રજિસ્ટર્ડ ઓફિસ: 1704, બી વિંગ, 17મો માળ, પરિણી ક્રેસેન્ઝો, પ્લોટ. નં. સી-38/39, જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-400051.

કોઈપણ સ્પષ્ટતા કિસ્સામાં, મહેરબાની કરીને નીચેનાનો સંપર્ક કરો:

સંપર્ક વ્યક્તિઓ	સંસ્થા	મોબાઈલ નંબર	ઈ-મેલ આઈડી
શ્રી સાગર ભટ્ટ, એવીપી	BOBCAPS	+91 7666412395	project.cetra@bobcaps.in
શ્રી હેમંત ગુપ્તા, એસએમ	BOBCAPS	+91 9819436276	project.cetra@bobcaps.in
શ્રી કુણાલ પાડનિક, સીએમ	Canara Bank	+91 7255924591	cb2551@canarabank.com

[illegible]

તારીખ: 10 જુલાઈ, 2026
સ્થળ: પૂણે

સહી/-
કેનેરા બેંક માટે અધિકૃત અધિકારી

હવે ખેડૂતોનો ડેટા 100% સેફ રહેશે : વચેટિયાઓ ફ્રોડ પર લાગશે બ્રેક

લેભાગુથી ખેડૂતને બચાવવા કૃષિ વિભાગે ગુજરાતમાં 'વિભાગીય ડેટા સમિતિ' રચી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ડિજિટલ ઈન્ડિયાના સંકલ્પને વેગ આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં એક મોટો અને મહત્વનો નિર્ણય લીધો છે. કૃષિ, ખેડૂત કલ્યાણ તેમજ સહકાર વિભાગ દ્વારા ખેડૂતોની અંગત અને આર્થિક માહિતીની સુરક્ષા માટે 'વિભાગીય ડેટા સમિતિ' (DDC)ની રચના કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ અધિનિયમ, 2023 (DPDP Act) અને 'ગુજરાત સ્ટેટ ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક' અંતર્ગત લેવાયેલા આ નિર્ણયથી ખેડૂતોની ગુપ્ત માહિતી સંપૂર્ણપણે સલામત રહેશે. આ વ્યવસ્થાથી સરકારી સહાય સીધી અને ઝડપથી સાચા લાભાર્થીઓ સુધી પહોંચશે, જેનાથી વચેટિયાઓનું નેટવર્ક તૂટશે અને છેતરપિંડી પર નિયંત્રણ આવશે.

અમદાવાદથી જામનગર અને સુરત રોડ પર હાઈડ્રોજન વાહનો દોડાવાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવા અને ગ્રીન ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે હાઈડ્રોજન ફ્યુઅલ આધારિત વાહનોના પાયલોટ ટ્રાયલને વેગ આપ્યો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે ગાંધીનગરમાં જણાવ્યું કે દેશના 10 મહત્ત્વના રૂટ પર હાઈડ્રોજન વાહનોના ટ્રાયલ ચાલી રહ્યા છે. તેમાં ગુજરાતના અમદાવાદ-વડોદરા-સુરત તેમજ જામનગર-અમદાવાદ રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગડકરીએ કહ્યું કે હાઈડ્રોજન આગામી સમયમાં પરિવહન ક્ષેત્રમાં સૌથી મહત્વપૂર્ણ વિકલ્પ બનશે અને ભારત વૈકલ્પિક ઈંધણ તથા બાયોફ્યુઅલ ટેક્નોલોજીમાં વિશ્વનું નેતૃત્વ કરી શકે છે. તેમણે વાહન ઉત્પાદકોને વિશ્વસ્તરીય ટેક્નોલોજી સાથે વધુ આરામદાયક અને પરવડે તેવા વાહનો વિકસાવવા અપીલ કરી હતી.

તેમણે જાહેર પરિવહન ક્ષેત્રની ખામી તરફ પણ ધ્યાન દોર્યું હતું. દેશમાં દર વર્ષે અંદાજે ત્રણ લાખ બસોની જરૂરિયાત સામે માત્ર 70થી 80 હજાર બસોનું જ ઉત્પાદન થાય છે. ઉત્પાદન ક્ષમતા વધાર્યા વિના જાહેર પરિવહનને મજબૂત બનાવી શકાય નહીં તેમ તેમણે જણાવ્યું.

જેકેટ-2નું અનુસંધાન

ડેટા સેન્ટર...

રજીસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ આપવામાં આવશે. આ ઉપરાંત 10 વર્ષ સુધી 4% વ્યાજ સબસિડી (વાર્ષિક મહત્તમ ₹25 કરોડની મર્યાદામાં) પણ અપાશે. ધોલેરા ખાતે સ્થપાનારા ડેટા સેન્ટર્સને 2.5% કેપિટલ સબસિડીનો વધારાનો લાભ મળશે. નિયત શરતોને આધીન એસજીએસટીના 100% રિફંડની પણ જોગવાઈ કરવામાં આવી છે. સરકારે ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ માટે વધારાની એફએસઆઈ, પાર્કિંગ નિયમોમાં છૂટછાટ, 70% સુધી ગ્રાઉન્ડ કવરેજ, ડ્યુઅલ પાવર સપ્લાય, ઓપન એક્સેસ દ્વારા વીજળી ખરીદવાની સુવિધા અને 24 કલાક સતત પાણી પુરવઠો પૂરો પાડવા જેવા મજબૂત સાનુકૂળ નિર્ણયો લીધા છે. પોલિસી અનુસાર, ડેટા સેન્ટરોએ તેમની કુલ વીજ વપરાશનો 51% હિસ્સો ગ્રીન એનર્જી સ્રોતોમાંથી મેળવવો ફરજિયાત રહેશે.

આ પોલિસીની જરૂરિયાત કેમ ઊભી થઈ?

છેલ્લા બે વર્ષમાં ભારતના ડેટા સેન્ટર સેક્ટરમાં આશરે 32 અબજ ડોલરના રોકાણના પ્રસ્તાવો આવ્યા છે. AI, ક્લાઉડ અને ડેટા લોકલાઈઝેશનની વધતી જરૂરિયાતોને કારણે રાજ્યો વચ્ચે રોકાણ આકર્ષવાની સ્પર્ધા તીવ્ર બની છે. ગુજરાત સરકારે આ પડકારને અવસરમાં બદલવા માટે લાંબા ગાળાના ઈન્સેન્ટિવ્સ, ઊર્જા સુરક્ષા અને ઝડપી મંજૂરીઓ આધારિત આ સક્ષમ મોડલ તૈયાર કર્યું છે.

વીજળી અને પાણી સપ્લાયની પણ ગેરન્ટી

વીજળી: બે અલગ-અલગ સોર્સ (ગ્રીડ) પરથી અવિરત ડ્યુઅલ પાવર સપ્લાય મળશે.

ઓપન એક્સેસ: કંપનીઓ પોતાની પસંદગીના સ્રોત પાસેથી વીજળી ખરીદી શકશે.

પાણી પુરવઠો: અઠવાડિયાના સાતેય દિવસ 24 કલાક સતત પાણીનો સપ્લાય અપાશે.

ઝડપી મંજૂરી: સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા તમામ સરકારી મંજૂરીઓ ઝડપથી અપાશે.

સબ-લીઝ: પ્રથમ વખત સબ-લીઝ પર આપવા માટે કોઈ વધારાનો ચાર્જ વસૂલવામાં નહીં આવે.

નોકરી બદલતા...

ખાતાધારકો માટે કુલ 1.44 લાખ કરોડ રૂપિયાથી વધુની વ્યાજની રકમ પ્રોસેસ કરવામાં આવી રહી છે, જે 15 જુલાઈ 2026 સુધીમાં સભ્યોની પાસબુકમાં દેખાવા લાગશે. સરકારે ગયા મહિને જ આ વ્યાજ દરને મંજૂરી આપી હતી. નોકરીયાત કર્મચારીઓએ આના માટે કોઈ અલગથી અરજી કરવાની રહેશે નહીં. આ રકમ સીધી તેમના કુલ પીએફ બેલેન્સમાં જોડાઈ જશે.

SIR...

હટાવવામાં આવ્યા છે. આ રાજ્યોમાં મતદારોની સંખ્યા 3.68 કરોડથી ઘટીને 3.46 કરોડ રહી ગઈ છે. સૌથી વધુ 20.11 લાખ નામ ઓડિશામાં હટ્યા છે. જે કુલ ઘટાડાના લગભગ 91% જેટલા છે. બાકીના આશરે 1.89 લાખ નામો મિઝોરમ, મણિપુર અને સિક્કિમમાંથી દૂર કરાયા છે. ત્રીજો તબક્કો 14 મેના રોજ શરૂ થયો હતો.

રોકાણનો નવો...

જિયો-પોલિટિકલ કે આર્થિક સંકટના સમયે પરિવાર માટે એક સુરક્ષિત વિકલ્પ તૈયાર રાખવો.

દુનિયામાં અત્યારે કરોડપતિઓ દ્વારા દેશ બદલવાનો ટ્રેન્ડ રેકોર્ડ સ્તરે છે. હેન્લી પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશન રિપોર્ટ 2025 અનુસાર વર્ષ 2025માં દુનિયાના 1.42 લાખ (1,42,000) કરોડપતિઓ બીજા દેશોમાં સ્થાયી થશે. જ્યારે ભારતમાંથી 3,500 ડોલર-મિલિયોનર (કરોડપતિઓ) બહાર જાય તેવો અંદાજ છે. ભારત દુનિયાના સૌથી ઝડપથી વિકસતા વેલ્થ માર્કેટ્સમાં પણ સામેલ છે, તેથી અહીં નવા કરોડપતિઓ પણ ઝડપથી ઉમેરાઈ રહ્યા છે. ગુજરાતમાં પણ આ ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને મહેસાણાના ઉદ્યોગપતિઓ અમેરિકા, ગ્રીસ, પોર્ટુગલ અને યુએઈ જેવા દેશોના રોકાણ આધારિત રેસિડેન્સી પ્રોગ્રામ્સમાં ઉત્સાહભેર રસ લઈ રહ્યા છે. જો કે, શહેરવાર કે રાજ્યવાર સત્તાવાર અરજીઓની સંખ્યા જાહેર કરવામાં આવી નથી, પરંતુ ઈમિગ્રેશન ઉદ્યોગનું કહેવું છે કે પશ્ચિમ ભારતમાં મુંબઈ પછી ગુજરાત સૌથી સક્રિય બજારોમાં સામેલ થઈ ચૂક્યું છે.

દુનિયામાં શું થઈ રહ્યું છે?

- 2025માં 1.42 લાખ કરોડપતિઓ દેશ બદલ્યો.
- ભારતમાંથી 3,500 મિલિયોનર (કરોડપતિઓ) બહાર જાય તેવો અંદાજ છે
- સૌથી વધુ પસંદગીના દેશ: યુએઈ (+9,800), અમેરિકા (+7,500), ઈટાલી (+3,600), સ્વિટ્ઝર્લેન્ડ (+3,000), ગ્રીસ (+1,200)

ક્યાં મળી રહ્યું છે બીજું સરનામું?

દેશ	અંદાજિત રોકાણ	ફાયદો
અમેરિકા	7-8 કરોડ	EB-5દ્વારા ગ્રીન કાર્ડ
ગ્રીસ	4-5 કરોડ	યુરોપમાં રહેવાનો અને બિઝનેસ કરવાનો અધિકાર
પોર્ટુગલ	4-6 કરોડ	યુરોપિયન રેસિડેન્સી
યુએઈ	3-5 કરોડ	ટેક્સના ફાયદા અને ભારતની નજીક
કેરેબિયન	3-4 કરોડ	ઝડપી નાગરિકત્વ પ્રક્રિયા

'જમાઈ'ના ઘરે...

જઈને સાંત્વના આપશે અને જમાઈના દર્શન કરીને પરત ફરશે. બીજી તરફ જનકપુરના મેયર મનોજ શાહે કહ્યું કે અયોધ્યામાં થયેલી ચોરી પર જાનકી મંદિરના મહંત રોશનદાસે ફોન પર વિગતો મેળવી હતી. ત્યારે અયોધ્યાથી જણાવવામાં આવ્યું હતું કે તમામ ભેટ મ્યુઝિયમમાં સુરક્ષિત રખાઈ છે.

જેકેટ-3નું અનુસંધાન

આ વિશ્વશક્તિના...

ભારતીય મહિલા ટીમે છેલ્લા વર્ષોમાં લિમિટેડ ઓવર્સ, એટલે કે વનડે અને ટી20માં શાનદાર પ્રદર્શન કરીને દુનિયામાં પોતાની ઓળખ બનાવી છે. છતાં ક્રિકેટનો સાચો માપદંડ આજે પણ ટેસ્ટ ક્રિકેટ જ છે. આ ફોર્મેટ માત્ર આક્રમક રમત નથી. તે ટેક્નિક અને માનસિક મજબૂતીની કઠિન કસોટી છે. ભારતીય પિચથી અલગ, ઈંગ્લેન્ડની સ્વિંગથતી પડકારજનક પરિસ્થિતિમાં ધીરજ અને સંતુલન જાળવવું ટીમ માટે મોટો પડકાર રહેશે. હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્ઝ અને શેફાલી વર્મા જેવી સ્ટાર ખેલાડીઓ માટે લાલ બોલના ક્રિકેટમાં પણ પોતાની કાબેલિયત સાબિત કરવાની આ સુવર્ણ તક છે. વિશ્લેષણ મુજબ, તાજેતરના ટી20 વર્લ્ડ કપમાં ફાઈનલ સુધી ન પહોંચી શકવાની નિરાશાની ભરપાઈ આ ઐતિહાસિક ટેસ્ટમાં દમદાર પ્રદર્શનથી થઈ શકે છે.

લોર્ડ્સ પોતાની અલગ પરંપરા અને ટેસ્ટ ક્રિકેટ પ્રત્યેના ઊંડા સન્માન માટે જાણીતું છે. ત્યાંનું વાતાવરણ ખેલાડીઓને પોતાનું શ્રેષ્ઠ આપવા પ્રેરણા આપશે. ભારતીય ટીમ આ માનસિક કસોટીમાં ખરી ઉતરે, તો તે ક્રિકેટના દરેક ફોર્મેટમાં પોતાને નિર્વિવાદ 'વિશ્વ શક્તિ' તરીકે સ્થાપિત કરી શકે છે.

ભારતમાં દુનિયાનું...

હવે માત્ર 52 ઈન્જેક્શન જ લેવા પડશે. ક્લિનિકલ ટ્રાયલમાં પરિણામો ખૂબ જ સારા રહ્યા છે. આ ઈન્સ્યુલિન સુગરનું સ્તર અચાનક ઘટાડ્યા વિના આખો દિવસ બ્લડ સુગરને નિયંત્રિત રાખે છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં અંદાજે 10 કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત છે. હાલમાં મળતા સામાન્ય ઈન્સ્યુલિનનો અઠવાડિયાનો ખર્ચ ₹345 થી ₹453 સુધી આવે છે

આર.કે.જાદવ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વડોદરા શહેર ઉત્તરની કોર્ટ જન્મ/મરણ નોંધણી અરજી નં. 15/2026

અરજદારશ્રી: રાકેશ સરજુભાઈ ડામોર, રહે: બી-૧૧, અમરદીપ બંગ્લોઝ, ... [illegible], વડોદરા.

વિરૂધ્ધ:- સામાવાળા: જન્મ મરણ અધિકારીશ્રી, જન્મ-મરણ શાખા, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને આથી જણાવવાનું કે અરજદારના સગા પુત્રી નામે દ્વિજત્વની રાકેશ ડામોર (Dwijatvani Rakesh Damor)નો જન્મ તા. ૧૩/૧૨/૨૦૨૪ ના રોજ ત્રસલિકા નર્સિંગ હોમ, સુભાનપુરા રોડ, ગોરવા, વડોદરા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ સબંધિત જન્મ મરણ રજીસ્ટ્રારની કચેરી ખાતે કરવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અમોની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી [illegible]

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વડોદરા શહેર ઉત્તર

ઓન લાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા – ૭ સને : ૨૦૨૬ – ૨૭
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી નવીન મકાનના બે કામો માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે.જેની અંદાજીત કિંમત રૂા.૨૧૪.૭૧ લાખ થી રૂા.૪૮૨૦.૭૦ વચ્ચેની છે

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://mbtender.nprocure.com પર તા.૧૦.૮.૨૬, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૧૦.૮.૨૬, ૧૮ : ૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોકયુમેન્ટ્સ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા.૧૦.૮.૨૬ થી તા.૧૭.૮.૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/280/2026

જાહેર નોટીસ

રજી. ડી. વડોદરા તથા સબ ડી. વડોદરા તા. જી. વડોદરા ના મોજે વાડી, વિભાગ-એ ટીકા નં. ૯/૧ ના સીટી સર્વે નં. ૬૪/૧, ૬૪/૨, ૬૬/અ, ૬૭, ૬૮ વાળી મિલકત જેનું અનુક્રમે માપ ૬૩-૪૫-૩૦, ૨૮-૫૮-૦૭, ૨૯૦-૧૩-૯૧ પૈકી ૨૮૫ ૬૯, ૨૨-૫૭-૫૯, ૨૧ ૭૩-૭૪ માં સામુહિક હક્ક છોડીને કુલ્લે ૪૨૨-૦૨-૦૯ ચો. મી. જેમાં આવેલ "મધુનીલ ફ્લેટ", ફિફ્થ ફ્લોર, ફ્લેટ નં. ૫૦૬, જેનું કાર્પેટ નું માપ ૧૫.૬૩ ચો. મી., વધારે પડતી એફ.એસ.આઈ. નું માપ ૧૬.૦૯ ચો. મી., વધારે પડતી વણવહેંચાયેલી જમીન નું માપ ૮.૦૭ ચો. મી., વધારે પડતી દાદર, કોમન પેસેજ, લીફ્ટ વાળો ભાગ જેનું માપ ૧૦.૦૧ ચો. મી., વધારે પડતી પાર્કિંગ નું માપ ૧.૯૦ ચો. મી., વધારે પડતી અગાસી નું માપ ૪.૭૦ ચો. મી. છે. અમારા અસીલ અધીર જ્યોતિકા એ અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. પરંતુ સદર ઉપરોક્ત જણાવેલ મિલકતના હાલ ના માલિક અધીર જ્યોતિકા કે જેઓ રજીસ્ટર્ડ બાનાખત નો કરાર જેનો રજીસ્ટ્રેશન નં ૧૨૫૩ તા. ૦૯.૦૨.૨૦૨૬ થી માલિક થયેલ હતા. તે અસલ રજીસ્ટર્ડ બાનાખત અને તેની અસલ નોંધણીની રસીદ ખોવાઈ ગયેલ છે. સદરહુ ઉપરોક્ત જણાવેલ મિલકત પર અમારા અસીલ રેપ્કો હોમ ફાઈનાન્સ લી. માંથી લોન લેવા માંગે છે. જેથી ઉપરોક્ત મિલકતમાં જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, નાણાંકીય સંસ્થા, સોસાયટી, વિગેરેનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક, હીત, સંબંધ અલાખો, બોજો, લોન ચાર્જ, લીયન, બાનાખત, વાંધા હોય તો તે દિન-૭ માં લેખીત પુરાવાસહ અમોને નીચે જણાવેલ સરનામે વાંધા મોકલી આપવા. આ નોટીસ પ્રસિદ્ધ થયેલ મુદતમાં કોઈ વાંધો નહિ આવે તો સદર મિલકત ઉપર કોઈનો પણ કોઈપણ પ્રકારનો હક્ક, હિત, સંબંધ વિગેરે નથી અને છે તો સદર મિલકતના માલીકની તરફેણમાં જતા કરે છે તેમ માની અમો અમારા અસીલને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપીશુ તથા અમારા અસીલ આગળની કાર્યવાહી કરશે જેની ખાસ નોંધ લેશો.

તા. ૧૦.૦૭.૨૦૨૬ વડોદરા (અસીલની સુચના અને ફરમાયશથી)

ઉપરોક્ત જાહેર નોટીસ અમારી રાજીખુશી તથા પરવાનગીથી MD LAW FIRM, એડવોકેટ મારફતે દિવ્ય ભાસ્કર માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

MD LAW FIRM મયુરકુમાર દિનેશચંદ્ર વ્યાસ (એડવોકેટ)
2F-07, બીજે માળ, દર્શનમ ટ્રેડ સેન્ટર ૧, દર્શનમ સેન્ટ્રલ પાર્કની બાજુમાં, સૂર્યા પેલેસ હોટલની પાસે, સયાજીગંજ, વડોદરા.

જાહેર નોટીસ

રજી. ડી. વડોદરા તથા સબ. ડી. વડોદરા ના મોજે ગોત્રી ના ટી. પી. નં.૬૭, એફ. પી. નં. ૮૮ અને ૮૯, જેનો રે. સર્વે નં. ૯૫૦/૧ અને ૯૫૦/૨, સી. સ. નં. ૨૪૦૪ અને ૨૪૦૫ વાળી જમીન નું માપ ૧૦૯૩૮ ચો. મીટર છે. તેમાં આવેલ ગુણાતીત રેસીડન્સી ના ટાવર - કે, ત્રીજો માળ, ફ્લેટ નં. ૩૦૨, જેનું બાંધકામનું માપ ૯૬.૨૦ ચો. મી. અને વધારે પડતી વણવહેંચાયેલ જમીન નું માપ ૩૬.૩૫ ચો. મી. છે.અમારા ક્લાયન્ટ ૧. માધવી દીક્ષાંત પંડિત ૨. દીક્ષાંત મંગલચંદ શાસ્ત્રી નામે અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. પરંતુ સદર ઉપરોક્ત જણાવેલ મિલકતના આગાઉ ના માલિક ૧. અમિત બંસીભાઈ ઠક્કર ૨. બંસીલાલ રામલાલ ઠક્કર કે જેઓ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નો લેખ જેનો રજીસ્ટ્રેશન નંબર ૩૮૯૫ તારીખ ૨૨.૦૬.૨૦૧૬ થી માલિક થયેલ હતા. તે અસલ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ નોંધણી ની રસીદ મળી આવતી નથી.જેથી ઉપરોક્ત મિલકતમાં જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, નાણાંકીય સંસ્થા, સોસાયટી, વિગેરેનો કોઇપણ પ્રકારનો લાગ,ભાગ, હક, હીત, સંબંધ અલાખો, બોજો, લોન ચાર્જ, લીયન, બાનાખત, વાંધા હોય તો તે દિન-૧૫ માં લેખીત પુરાવાસહ અમોને નીચે જણાવેલ સરનામે વાંધા મોકલી આપવા. આ નોટીસ પ્રસિદ્ધ થયેલ મુદતમાં કોઇ વાંધો નહિ આવે તો સદર મિલકત ઉપર કોઈનો પણ કોઇપણ પ્રકારનો હક્ક, હિત, સંબંધ વિગેરે નથી અને છે તો સદર મિલકતના માલીકની તરફેણમાં જતા કરે છે તેમ માની અમો અમારા અસીલને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપીશુ તથા અમારા અસીલ આગળની કાર્યવાહી કરશે જેની ખાસ નોંધ લેશો.

તા. ૧૦.૦૭.૨૦૨૬ વડોદરા (અસીલની સુચના અને ફરમાયશથી)

ઉપરોક્ત જાહેર નોટીસ અમારી રાજીખુશી તથા પરવાનગીથી LE EXPART ASSOCIATES, એડવોકેટ મારફતે દિવ્ય ભાસ્કર માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

LE-EXPART ASSOCIATES મયુરકુમાર દિનેશચંદ્ર વ્યાસ (એડવોકેટ) ભાર્ગવ ડી. વ્યાસ (એડવોકેટ)
૩ એફ, ૧૫-૧૬ દર્શનમ ટ્રેડ સેન્ટર-૧, દર્શનમ સેન્ટ્રલ પાર્કની બાજુમાં, હોટલ સૂર્યા પેલેસની પાસે, સયાજીગંજ, વડોદરા (મો.) 7874538288

GIFT — ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ (GIFTCL)

આઈટમ રેટ મુજબ કામો કરાવવા માટે કોન્ટ્રાક્ટરની પસંદગી કરવા માટે બિડ આમંત્રણ અંગેની ઈ-ટેન્ડર નોટિસ

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ દ્વારા નીચે મુજબના કામો માટે પ્રતિષ્ઠિત, અનુભવી, નિપુણ, સક્ષમ તેમજ આર્થિક રીતે સદ્ધર કોન્ટ્રાક્ટર પાસેથી બિડ મંગાવવામાં આવે છે :

કામોનું નામ	અંદાજિત કિંમત રૂ.	બિડ ડોક્યુમેન્ટની ઓનલાઈન પ્રાપ્યતા	ઓનલાઈન તથા ફિઝીકલ બિડ જમા કરવાની છેલ્લી તારીખ
ડેવલોપમેન્ટ ઓફ નોર્થ એન્ટ્રી SEZ ગેટ, સાઉથ એન્ટ્રી SEZ ગેટ & અસ્સ્ય ઓફિસ એટ ગિફ્ટ સિટી ઓન EPC બેસીસ (BID Reference No.: GIFT/ENG/CW/WC/2026/07)	૩.૯૧ કરોડ (GST વગર)	૦૯/૦૭/૨૬ થી ૨૩/૦૭/૨૬, ૧૨:૦૦ કલાક સુધી	૨૩/૦૭/૨૬, ૧૫:૦૦ કલાક સુધી

બિડ ડોક્યુમેન્ટ વેબસાઈટ https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

બિડ ડોક્યુમેન્ટ ની ટેન્ડર ફિ રૂ.૧૦,૦૦૦/– ડીમાન્ડ ડ્રાફ્ટ/બેન્કર ચેક/પેઓર્ડર થી "ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ" અમદાવાદ ખાતે ચુકવવા પાત્ર ના નામે જમા કરાવવી. વધુ જાણકારી તથા અદ્યતન માહિતી અમારી વેબસાઈટ www.giftgujarat.in તથા https://tender.nprocure.com પરથી મેળવી શકાશે.

સંપર્ક:
જીએમ (પ્રોક્યુરમેન્ટ & કોન્ટ્રાક્ટ)
ફોન નં.: ૦૭૯-૬૧૭૦૮૩૦૦, ઈ-મેઈલ: contract@giftgujarat.in

સહી/–
મેનેજિંગ ડાયરેક્ટર અને ગ્રુપ સીઈઓ

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી કંપની લિમિટેડ (GIFTCL)
ઈપીઆઈસેસ બિલ્ડિંગ નં. ૪૯એ, બ્લોક ૪૯, ઝોન ૦૪, જ્ઞાન માર્ગ, ગિફ્ટ સિટી, ગુજરાત, ભારત, પીન – ૩૮૨ ૦૫૦
ફોન નં.:+૯૧–૭૯–૬૧૭૦૮૩૦૦, CIN : U75100GJ2007SGC051160 માહિતી/૮૩૩/૨૦૨૬-૨૭

જાહેર નોટીસ આથી જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમારા અસીલ મોજે સુભાનપુરા, તા. અને જી. વડોદરામાં આવેલ રે.સર્વે નં. ૨૭ ટી.પી. સ્કીમ નં.૨, ફા.પ્લોટ નં. ૫૨૯ સીટી સર્વે નં. ૫૨૯ માં બાંધવામાં આવેલ "સન્ની એપાર્ટમેન્ટ" માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૧ કે જેનું સુપર બિલ્ટ અપ એરીયા દાદર તથા બાલ્કની સાથે ૫૮૦.૦૦ ચો.ફુટ તેમજ ફ્લેટ નં. ૨૦૨ ની ઉપરની અગાસી છે જે મિલકત સરોજબેન કીરીટભાઈ શાહ વિ.નાઓ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ નં. ૫૮૫૬ તા. ૧૩/૦૫/૧૯૮૮ થી મે. મહાવીર કેપે એલાઇઝ પ્રા.લી. ના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી નરેન્દ્ર અતુલભાઈ શાહ નાઓ ખરીદ કરેલ અને તેઓ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૪૨૦૪ તા. ૨૫/૦૯/૧૯૯૧ તેમજ ચુક દુરસ્તી લેખ નં. ૧૬૬૮ તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ શ્રીમતી અંજના શાહ નાઓએ ખરીદ કરેલ છે. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૫૮૫૬ તા. ૧૩/૫/૧૯૮૮ વાળો અસલ દસ્તાવેજ તેમજ રજી. પાવતી ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતા મળી આવતી નથી. તેમજ તેમાં શરતચુક થી ફ્લેટ નં. ૩૦૧ ના બદલે ૩૦૩ લખાઈ ગયેલ છે વાસ્તે સદર મિલકતનું ટાઈટલ ક્લીઅરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે. જેથી, ઉપરોક્ત વર્ણનવાળી મિલકત ઉપર કોઈપણ ઈસમ/ સંસ્થાનો નાણાંકીય બોજો, કાયદેસર લાગ-ભાગ, હક્ક હીત-સંબંધ, અલાખો, પઢી, સુખાધિકાર, ભરણપોષણનો હક્ક અથવા કાયદેસરનો વાંધો હોય તેવા તેમના હક્ક દાવા બાબતે લેખીત દસ્તાવેજી આધાર પુરવા સહિત દિન-૭ માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયાના સાત દિવસની અંદર દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં અમોને જાણ કરવામાં કસુર થયેથી સદર મિલકતમાં કોઈપણ વ્યક્તિ ઈત્યાદીના કોઈપણ હક્ક કે અધિકાર નથી અથવા હોય તો તે જતા કર્યા છે, તેમ ગણી સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે અને અમારા અસીલો સદર મિલકતના તબદીલીના વ્યવહારો/લેખો કરી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહીં તેની સ્પષ્ટ નોંધ લેવી. તા.૧૦-૦૭-૨૦૨૬

૪૦૫, ૪ થો માળ અપસ્કેલ, નવિ કોર્ટ બિલ્ડીંગની પાછળ, ઓ.પી. રોડ, વડોદરા. (મો) ૯૮૨૫૦૨૭૪૧૨ — અસીલની સુચના અને ફરમાશથી — **સંતોષ એસ.પટેલ** (એડવોકેટ)

ટાઈટલ ક્લીયરન્સ અંગે જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, રજી.ડીસ્ટ્રી. અને સબ-ડી.વડોદરાના **મોજે વાસણા સેવક ના રે.સર્વે નં. ૧૫૫, ૧૫૬ અને ૧૫૧ માં આવેલ " મંગલમૂર્તિ કો.ઓ.હા.સો.લી. "ના બ્લોક/પ્લોટ નં. ૪૧, જેનું કુલ ક્ષેત્રફળ ૧૧૨૧ ચો.ફુટ વાળી મિલકતનો સબ-રજીસ્ટ્રાર નં. ૪ (ગોરવા), વડોદરાની કચેરીમાં અનુ.નં. ૭૯૯૧, તા.૦૮-૦૯-૨૦૦૩ ના રોજ નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજના આધારે જોગેશ્વરીકુંવરબા મહેન્દ્રસિંહ મહીડા સદર મિલકતના કાયદેસરના માલીક મુખત્યાર છે. સદર મિલકતના અગાઉના માલિક કનૈયાલાલ મનસુખલાલ રાણાને મંગલમૂર્તિ કો.ઓ.હા.સો.લી. ના પ્રમુખ/મંત્રી શ્રીએ તા. ૨૫-૦૧-૧૯૭૭ ના રોજ આપવામાં આવેલ અસલ શેર સર્ટીફિકેટ નં. ૨૨ ક્યાંક મુકાઈ ગયેલ અથવા ખોવાઈ ગયેલ હોવાથી મંગલમૂર્તિ કો.ઓ.હા. સો.લી.ના પ્રમુખ/મંત્રીશ્રી પાસેથી સદર મિલકતના ડુપ્લિકેટ શેર સર્ટીફિકેટ મેળવવાનું હોય જેથી ઉપરોક્ત જણાવેલ મિલકતમાં કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની સરકારી કે અર્ધસરકારી કચેરી તથા નાણાંકીય સંસ્થા, સહકારી કે રાષ્ટ્રીયકૃત બેંકનો** લાગ, ભાગ, હક્ક, હીત, સબંધ, બોજો, અલાખો અગર કોઈ વાંધો હોય કે લીયન , ચાર્જ, ભરણપોષણનો હક્ક, હિત, સબંધ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન- ૭ માં નીચે જણાવેલ સરનામે** લેખીતમાં તે અંગેના દસ્તાવેજી પુરાવાસહ જાણ કરવી, મુદતમાં કોઈ વાંધા તકરાર આવશે નહીં તો મુદત વિત્યા બાદ માંગણી મુજબ ઉપરોક્ત જણાવેલ મિલકત અંગેનું **ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે.** ત્યારબાદ કોઈ વાંધો કે તકરાર ગ્રાહ્ય રહેશે નહીં તેની નોંધ લેવી. તા. ૧૦-૦૭-૨૦૨૬. સ્થળ: વડોદરા.

ઓફિસ:FF/37, સુનેર કોમ્પ્લેક્ષ, હરીનગર ક્રોસીંગ, ગોત્રી રોડ,વડોદરા. **હિતેષ એચ.રાવલ 88668 52120 એડવોકેટ**

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : બીજો માળ, સમ્યક સ્ટેટ્સ, ડી.આર. અમીન સ્કૂલની સામે, દિવાળીપુરા મેઈન રોડ, વડોદરા - ૩૯૦૦૦૭. ફોન નં. ૦૨૬૫-૨૨૨૫૨૯૨, ઈમેલ : sbi.10059@sbi.co.in

સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણ નોટીસ પરિશિષ્ટ-IV-A (નિયમ - ૮(૬) ની જોગવાઈ જુઓ)

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ - ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ-૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

આથી જાહેર જાહેર જનતાને અને નીચે જણાવેલ ઉધારકર્તાઓ અને જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી સ્થાવર મિલકત જે બેંકના મોર્ગેજ/મોર્ગેજર/ચાર્જ માં મુકેલ છે. ભારતીય સ્ટેટ બેંકના અધિકૃત અધિકારીશ્રીએ નીચે આપેલ મિલકતનો પ્રત્યક્ષ કબજો લઈ લીધેલ છે. નીચે જણાવેલ ખાતાઓમાં બેંકનાં બાકી નીકળતાં નાણાં વસૂલ કરવા માટે મિલકતોનું **"જે છે જ્યાં છે" "જેમ છે તે છે" "જે કાંઈ છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે.

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૮/૦૭/૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી, (૧૦ મિનિટના અમર્યાદિત વધારા સાથે)

ઉધારકર્તાઓ અને જામીનદારો ડીમાન્ડ નોટીસની તારીખ થી ચડત વ્યાજ / ખર્ચાઓ સાથે	મિલકતનું વર્ણન	અનામત કિંમત / ઈએમડી / બીડ વધારવાની રકમ	નિરીક્ષણની તારીખ / સમય સંપર્ક વ્યક્તિ
સુશીલાબેન હેમંતકુમાર સોલંકી (ઉધારકર્તા), નિકુંજ હેમંતકુમાર સોલંકી (સહ-ઉધારકર્તા), અલ્પેશ હેમંતકુમાર સોલંકી (સહ-ઉધારકર્તા) અને સ્વ. હેતલબેન હેમંતકુમાર સોલંકી (સહ-ઉધારકર્તા) રૂા. ૩૭,૪૨,૪૯૨/- તા. ૦૭.૦૪.૨૦૨૨	Property ID: SBIN200040067013 તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો પ્લોટ નં. એ-૧/૧૧, સાંઈનાથ પાર્ક હાઉસીંગ સોસાયટી, કલ્યાણ પાર્ટી પ્લોટની સામે, વાસણા રોડ, જમીનનો બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૨૯૯ સ્કે. ફીટ., સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૭૫૯ સ્કે.ફીટ., G.F + F.F. + S.F. + T.F. ના બાંધકામ સાથે, રજીસ્ટ્રેશન સબ જીલ્લો અને જીલ્લો - વડોદરા. (મિલકતના માલિક : શ્રી નિકુંજ હેમંતકુમાર સોલંકી, શ્રી અલ્પેશ હેમંતકુમાર સોલંકી, શ્રીમતી સુશીલાબેન હેમંતકુમાર સોલંકી, શ્રીમતી હેતલ હેમંતકુમાર સોલંકી)	રૂા. ૬૮,૦૦,૦૦૦/- / રૂા. ૬,૮૦,૦૦૦/- / રૂા. ૫૦,૦૦૦/-	૧૮/૦૭/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી / આર.પી. ગોવિંદન ૯૭૭૦૦૩૪૨૭૬

બોજો :- અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહીતી મુજબ, બેંકને અન્ય કોઈ બોજાની સલાહ આપવામાં આવતી નથી. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમીટ કરતા પહેલા બોજો, મિલકતના શીર્ષક હરાજી અને દાવાઓ / હકો. લેણાં / મિલકતને અસર કરતાં સંભવિત સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. ઈ-હરાજીની જાહેરાત કોઈ પ્રતિબધ્ધતા અથવા બેંકના કોઈપણ પ્રતિનિધિત્વની રચના કરતી નથી અને માનવામાં આવશે નહીં, મિલકત હાલના અને ભવિષ્યના તમામ બોજો સાથે વેચવામાં આવી રહી છે, પછી ભલે તે બેંકને જાણીતી હોય કે અજાણી હોય, અધિકૃત અધિકારી / મુકરર કેડીટર કોઈપણ તૃતીય પક્ષના દાવાઓ / હકો / લેણીઓ માટે કોઈ રીતે જવાબદાર રહેશે નહી.

લાગુ પડતો GST / TDS બિડની રકમથી વધુ અને સફળ ખરીદનાર દ્વારા વહન કરવામાં આવશે. જો હરાજી સરફેસી એક્ટ નિયમ ૯(૨) ની જોગવાઈ મુજબ અનામત કિંમત કરતા વધુ ન મેળવે તો વેચાણની પુષ્ટી ગીરો / ઉધારકર્તાની સંમતિને આધિન રહેશે.

ઈ-હરાજી બેંકના માન્ય સેવા પ્રદાતા મે. **પીએસબી એલાયન્સ પ્રાઈવેટ લિમિટેડ,** તેમની વેબ પોર્ટલ : **https://baanknet.com** દ્વારા હાથ ધરવામાં આવશે. રસ ધરાવતા બિડરોએ ખાતરી કરવા જોઈએ તેઓ ઈ-હરાજી વેબસાઈટ પર પોતાની નોંધણી કરવી અને **https://baanknet.com** આપેલી માર્ગદર્શિકા મુજબ સેવા પ્રદાતા દ્વારા બનાવેલા વર્ચ્યુઅલ વોલેટમાં બાનાની રકમ જમા કરવી.

રસ ધરાવતા બિડર કે જેમને લોગીન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા, બિડ દસ્તાવેજો સબમીટ કરવા, તાલીમ / પ્રદર્શન, ઓનલાઈન આંતર બિડીંગ પર નિયમો અને શરતો વગેરેમાં સહાયની જરૂર હોય, તેઓ વેબસાઈટ : **https://baanknet.com** ની મુલાકાત લઈ શકે છે.

આ નોટીસને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ ના કલમ ૮(૬) હેઠળ ઉધારકર્તાઓ / જામીનદારોને ૧૫ /૩૦ દિવસની નોટીસ તરીકે પણ ગણવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **ભારતીય સ્ટેટ બેંક,** સિક્યોર્ડ ક્રેડીટરની વેબસાઈટ : **https://sbi.co.in/web/sbi-in-the-news/auction-notices/sarfaesi-and-others, & https://baanknet.com** માં આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખ : ૦૮/૦૭/૨૦૨૬
સ્થળ : વડોદરા

નોંધ : (વિવાદ ની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણને માન્ય રાખવામાં આવશે)

સહી/-,
અધિકૃત અધિકારી,
ભારતીય સ્ટેટ બેંક